# ઈ.સ. ૨૦૫૦ના વર્ષના ભવિષ્યની કલ્પના

આજે દુનિયા માં જે થઇ રહ્યું છે.તેનાથી ઈ.સ.૨૦૫૦ના વર્ષ સુધીની દુનિયામાં ખુબ મોટો તફાવત જોવા મળશે.આજે આધુનિક ટેકનોલોજીને કારણે સમાજમાં ખુબ સારો વિકાસ થઇ રહ્યો છે.ભવિષ્ય માં ટેકનોલોજીને કારણે મનુષ્ય એક જ છોડ પર બે પ્રકારના ફળોની ઉત્પતિ કરશે, જેમ કે ટામેટાંના એક જ છોડ ઉપરની તરફ ટામેટાં લાગશે અને નીચે જમીનમાં મૂળમાંથી બટાકા ઉત્પન થશે. આવું છોડ ઉપર સંકરણ કરવાનું શક્ય બનશે.આજે માણસો કંપનીમાં કે અન્ય ઓફીસમાં નોકરી કરે છે ભવિષ્યમાં તેમની જગ્યાએ રોબોટ (મશીન) કામ કરશે. માણસોને નોકરી મળવી મુશ્કેલ થઇ જશે અને તેથી તેઓ બેકારીમાં જીવન જીવશે. મનુષ્ય પોતાને જ બેકાર બનાવશે. બાળકો ને ભણાવવા માટે શિક્ષણની જરૂર પડશે નહી તેની જગ્યા એ ઈંટરનેટ બાળકોને ઘેર ઘેર ભણાવશે. જો ભવિષ્યમાં સ્ત્રીઓ ભણી જશે અને નોકરી કરશે અને જો પુરુષો ન ભણે તો સ્ત્રીઓનું સ્થાન પુરુષો લેશે.જેમ કે વાસણ ધોવાના,કપડા ધોવાના.બાળકો અને પત્ની માટે રસોઈ બનાવવી ,બાળકો ને તેયાર કરવા જેવા કાર્યો સ્ત્રીની જગ્યાએ પુરુષ કરતો દેખાશે.આજે કામ કરવામાં સો માણસોની જરૂર પડશે.વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નોટબુક,ચોપડી,બોલપેન કે અન્ય વસ્તુની જરૂર નહિ પડે કારણ કે દરેક પાસે ઈન્ટરનેટ હશે.

આજથી ૫૦ વર્ષ પછીના વિશ્વની જો કલ્પના કરવામાં આવે તો વિશ્વ જુદું જ કઈ તરી આવે.સંભવ છે કે બાળકો શાળાની જગ્યાએ ઘરે બેઢા બેઢા કોમ્પ્યુટર પર શિક્ષણ મેળવે.એ પણ સંભવ છે કે ગાડીઓ સૂર્યપ્રકાશ કે પ્રવાહીથી ચાલે ગાડીઓ આકાશમાં ઉડે.ખાવાનું બનાવવું જ ન પડે તેના માટે પણ મશીન આવે ,સંભવ છે કે નાના બાળકો પણ નોકરી કરે કદાચ પૃથ્વી

નષ્ટ થવાની હોય કદાચ લોકો વૃક્ષોનુ મહત્વ સમજી વૃક્ષારોપન પણ કરતા થઇ ગયા હોય.વિમાનની ઝડપ પણ વધી ગઈ હોય વિવિધ પ્રકારના ફોન પણ હોઈ શકે તથા ટ્રેનો ૨૦૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપથી ગતી કરતી થઇ શકે કદાચ પ્રદૂષણ ફેલાતું જ હશે તો હું તેને વિશ્વ નહી એક નર્ક તરીકે જ ગણીશ અને જો ગ્લોબલ વોર્મિંગ સામે વિવિધ પગલાં લઇ વિશ્વ ને ‘ગ્રીન’ બનાવશો તો તે સ્વર્ગથી પણ ચડીયાતું લાગશે. આશા તો એવી જ છે કે આવનારી નવી પેઢી ગ્લોબલ વોર્મિંગ સામે લડશે તથા વિશ્વને સુંદર બનાવશે.અને એક બે નવી અજાયબી પણ બનશે.

**જુહી ધર્મેન્દ્રભાઈ શર્મા**
**બી.કોમ સેમ- ૪**